કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ
સેકટર-૧૯,ગુ.રા., ગાંધીનગર.
તા.E-Sign મુજબ

3934

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ

વિષય : ચાર્જ એલાઉન્સ મંજૂર કરવા બાબત.

સંદર્ભ :- શિક્ષણ વિભાગના તા.૧૯-૦૭-૨૦૨૫ના ક્રમાંક: ED/LCB/e-file/3/2025/3558/L-services

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ચાર્જ એલા. મેળવવા અંગેની દરખાસ્ત પરત્વે શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૯-૦૭-૨૦૨૫ના પત્રથી નિયત કરવામાં આવેલ નવા ચેકલિસ્ટ તેમજ જરૂરી સુચનાઓ મુજબ જ દરખાસ્ત કરવા જણાવેલ છે. જે મુજબ આજ દિન સુધી રજૂ કરેલ જે દરખાસ્તો અનિર્ણિત હોઇ એ તમામ દરખાસ્તો પુન જરૂરી સાધનિક કાગળો સહિત રજૂ કરવા જણાવવામાં આવે છે.

(E-SIGN)
નાયબ શિક્ષણ નિયામક
(મહેકમ)

ક્રમાંક:ક-૨/અનુદાન/12990
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
પાટણ જિલ્લો,પાટણ
તા.૧૫/૧૧/૨૦૨૫

૨/- નકલ રવાના જાણ વ અમલ સારૂ :

૩- ઉપરોક્ત પત્રની સુચનાનુસાર આજદીન સુધી રજુ કરેલ જે દરખાસ્તો અનિર્ણીત હોય તે તામમ દરખાસ્તો પુન જરૂરી સાધનિક કાગળો સહિત રજુ કરવા જણાવવામાં આવે છે.

પ્રતિ,
- આચાર્યશ્રી,
સરકારી/બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા શાળાઓ તમામ,
પાટણ જિલ્લો

જિલ્લા શિક્ષણાધિકારી
પાટણ જિલ્લો,પાટણ

Signed by:MEHULKUMAR G. VYAS
Deputy Director
Date:2025.10.13
13:50:41 +5:30

Letter No: ED/0629/07/2025 Approved Date: 19-07-2025

કમિશનર શાળાઓની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
2025
શાખા ..................

ED/LCB/e-file/3/2025/3558/L – Services

શિક્ષણ વિભાગ,

બ્લોક નં. ૫/૭, સરદાર ભવન,

સચિવાલય, ગાંધીનગર

પ્રતિ,

1. નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
2. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
3. નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
4. નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણની કચેરી, બ્લોક ૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
5. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર-૧૨, ગાંધીનગર
6. કમિશનરશ્રી, મધ્યાહન ભોજન યોજના, બ્લોક નં.૧૪, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
7. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર
8. નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, બ્લોક નં.૨/૬, કર્મયોગી ભવન, ગાંધીનગર.
9. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન, અમદાવાદ,
10. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર ૧૦, ગાંધીનગર
11. નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, સેક્ટર-૧૦ગાંધીનગર.
12. સચિવશ્રી, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
13. નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રીબ્યુનલ રાયખંડ ચાર રસ્તા, રાયખંડ, અમદાવાદ

વિષય: ખાસ પગાર અને ચાર્જ એલાઉન્સ મંજૂર કરવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ખાતાના વડાની કચેરી તથા સંલગ્ન કચેરીઓ તરફથી ખાસ પગાર મંજૂર કરી આપવાની દરખાસ્ત વિભાગને મોકલી આપવામાં આવે છે. ખાસ પગારની દરખાસ્તોમાં અધૂરી માહિતી તથા નિયત ચેકલિસ્ટ પ્રમાણે દરખાસ્ત મોકલી આપવામાં ન આવતા . પૃચ્છા/પૂર્તતા વિભાગ કક્ષાએ દરખાસ્તોના નિકાલમાં વિલંબ થાય છે. આથી, ખાતાના વડાની કચેરી તથા અન્ય સંલગ્ન કચેરીઓને નિયત ચેકલિસ્ટના નમૂના પ્રમાણે તથા જે જગ્યાનો ચાર્જ સંભાળેલ છે તે જગ્યા હંગામી અથવા કાયમી હોય તો તે અંગેના આધાર પુરાવા, તથા હંગામી જગ્યાના કેસમાં ચાલુ રાખવાના હુકમો સામેલ રાખી અથવા સદર જગ્યા દસ વર્ષિય ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ છે કે કેમ? તે અંગેની પૂરતી વિગતો સાથે દરખાસ્ત કરવા વિનંતી છે. જે અન્વયે આ સાથે સામેલ પત્રક મુજબ ખાસ પગારની દરખાસ્તોને સંબંધિત કચેરીને પરત મોકલી આપવામાં આવે છે.

વધુમાં નીચે મુજબની વિગતો વિભાગને અલગથી દિન-૧૦માં પુરી પાડવા વિનંતી છે. .

- સંબંધિત કચેરીઓ પાસે ખાસ પગાર બાબતે અનિર્ણિત દરખાસ્તો અન્વયે, કર્મચારીનું નામ, હોદ્દો, કચેરી, ચાર્જનો સમયગાળો, કઇ કક્ષાએ પડતર છે તથા ક્યારથી પડતર છે તે અંગેની વિગતો સાથેનું લીસ્ટ.
- જે કચેરીઓમાં લ શાખા દ્વારા વર્ગ-૦૧, ૦૨ની વહીવટી જગ્યા પર અધિકારીઓ મુકવામાં આવે છે તે તમામ જગ્યાઓ અન્વયે, મંજુર જગ્યા, ખાલી/ભરેલી, ક્યારથી ખાલી છે, કાયમી છે કે હંગામી, હંગામી છે તે ચાલુ રાખવાના હુકમ, સ્થગિત થયેલ હોય તેવી જગ્યા વગેરેની વિગતો.

ઉપરાંત વિભાગના ધ્યાને આવેલ છે કે ઘણી હંગામી જગ્યાઓ કાયમી કરવાપાત્ર બનતી હોવા છતા સંબંધિત કચેરીઓ દ્વારા કાયમી કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી, આથી નાણા વિભાગના તારીખ ૨૬/૦૬/૨૦૨૩ મુજબ હંગામી જગ્યાઓ કાયમી કરવા બાબતે સંબંધિત કચેરીઓએ શિક્ષણ વિભાગના સંબંધિત પ્રભાગને દરખાસ્ત કરવા વિનંતી છે.

આપની વિશ્વાસુ,

M-5-3-10
28.5.25

(રંજનબા સોલંકી)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ: ચાર્જ એલાઉન્સ નું ચેકલિસ્ટ તથા કચેરીઓ તરફથી મળેલ દરખાસ્તનું પત્રક

Signature valid

Signed by Ranjanba V Solanki
Section Officer
Date 2025.07.21
12:05:24 +5:30

File No: ED/LCB/e-file/3/2025/3558/L - Services
Approved By: Additional Secretary,L - Services,ED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

ફાઇલ ક્રમાંક: **ED/LCB/e-file/3/2025/3558/L – Services** સાથે જોડવાનું બિડાણ

## ખાસ પગાર અંગેનું ચેકલિસ્ટ

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | ચાર્જ સંભાળનાર કર્મચારીશ્રી/અધિકારીશ્રીનું નામ, હોદ્દો અને કચેરીનું નામ | |
| ૨ | વધારાનો હવાલો સંભાળ્યાનો સમયગાળો (કુલ દિવસો, મહિના અથવા વર્ષ સ્પષ્ટ લખવા) | |
| ૩ | ચાર્જ સંભાળ્યાનું પ્રમાણપત્ર<br>CTC જો લાગુ પડે તો | |
| ૪ | ચાર્જ સંભાળનાર ને ચાર્જના સમયગાળા દરમિયાન મળતો પગાર અને પગાર ધોરણ | |
| ૫ | ચાર્જ સંભાળનાર કર્મચારીશ્રી/અધિકારીશ્રીને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળેલ હોય તો તેની વિગત (ઉચ્ચતર પગાર ધોરણ હવાલો સંભાળ્યાના સમયગાળા પહેલા મળવાપાત્ર હોય પરંતુ મંજૂર થયેલ ન હોય તો તેની વિગત (આધાર સામેલ રાખવા) | |
| ૬ | જે જગ્યાનો વધારાનો હવાલો સંભાળેલ છે, તે જગ્યા પર મૂળ કામ કરનાર કર્મચારીશ્રી/અધિકારીશ્રી નું નામ/હોદ્દો | |
| ૭ | જે જગ્યાનો વધારાનો હવાલો સંભાળેલ છે, તે જગ્યાનું પગાર ધોરણ | |
| ૮ | જે જગ્યાનો વધારાનો હવાલો સંભાળેલ છે, તે જગ્યાનો હોદ્દો, તે જગ્યા કાયમી છે કે હંગામી? જો હંગામી હોય તો તેને ચાલૂ રાખવાના હુકમ સામેલ રાખવા | |
| ૯ | જે જગ્યાનો હવાલો સંભાળેલ છે તે જગ્યા ક્યારથી ખાલી પડેલ છે? | |
| ૧૦ | ખાલી જગ્યાનો ચાર્જ સંભાળવાનું કારણ | |
| ૧૧ | વધારાનો હવાલો સંભાળ્યા દરમિયાન ભોગવેલ રજાઓ ( આધાર સામેલ રાખવા)<br>જો રજાઓ ન ભોગવેલ હોય તો સંબંધિત કચેરીનું પ્રમાણપત્ર | |

<table>
<tr><td>૧૨</td><td>વધારાનો હવાલો સોંપવા અંગેના સંબંધિત [illegible]</td><td></td></tr>
<tr><td>૧૩</td><td>વધારાનો હવાલામાંથી મુક્ત કરવા અંગે નો હુકમ</td><td></td></tr>
<tr><td>૧૪</td><td>ખાલી જગ્યા નિયમિત નિમણૂકથી ભરાયા અંગેની વિગત (હુકમ/આદેશની નકલ સામેલ રાખવી)</td><td></td></tr>
<tr><td>૧૫</td><td>જે જગ્યાનો વધારાનો હવાલો સંભાળેલ છે, તે જગ્યા ખાલી પડેલ ત્યારથી છેલ્લે હવાલો સંભાળનાર કર્મચારી અથવા નિયમિત નિમણૂકથી જગ્યા ભરાય ત્યાં સુધીમાં કેટલા કર્મચારીઓએ કેટલા સમયગાળા દરમિયાન વધારાનો હવાલો સંભાળેલ છે તેની વિગતો</td><td>
<table>
<tr><th>ક્રમ</th><th>કર્મચારીનું નામ</th><th>ચાર્જ સંભાળ્યાનો સમયગાળો</th><th>ચાર્જ એલાઉન્સ મેળવેલ હોય અથવા દરખાસ્ત કરેલ તેની વિગત</th></tr>
<tr><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td></td><td></td><td></td><td></td></tr>
</table>
</td></tr>
<tr><td>૧૬</td><td>૧૨ માસથી વધુ સમય સુધી જગ્યા ખાલી રહેવા અંગેના ખાસ કારણો</td><td></td></tr>
<tr><td>૧૭</td><td>૧૨ માસ કરતા વધારે સમય સુધી ખાલી રહેલ જગ્યાને પ્રવર્તમાન નિયમો મુજબ એબેયન્સમાંથી મુક્ત કર્યા અંગેની વિગત</td><td></td></tr>
<tr><td>૧૮</td><td>ચાર્જ સંભાળનાર અધિકારી/કર્મચારીને કેટલા સમયગાળાનું કેટલા ટકા લેખે ખાસ પગાર મંજૂર કરવાપાત્ર થાય તે અંગે આપની કચેરીનો સ્પષ્ટ અભિપ્રાય</td><td></td></tr>
<tr><td>૧૯</td><td>અન્ય જરૂરી રિમાર્ક્સ</td><td></td></tr>
<tr><td></td><td>ઉક્ત તમામ વિગતોના આધાર સામેલ રાખવા</td><td></td></tr>
</table>